હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

પહેલાનાં વખતમાં બળાત્કાર કરવાથી ખાલી સ્વર્ગ... હાથમાંથી જતું રહેતું, પરંતુ હવે તેનાથી પણ અઘરો યુગ આવ્યો છે... સરકાર પણ જતી રહે...!! સાચવજે...!!

ભાટ પાસે સાબરમતી નદીમાં ન્હાવા પડેલા કાકા-ભત્રીજા ડૂબી ગયા

ઓઢવથી કાકા-ભત્રીજા બપોરે ભાટ પાસે નદીમાં ન્હાવા માટે આવ્યા હતા

ગાંધીનગર, તા.૫

અમદાવાદના ઓઢવ ખાતે રહેતા કાકા ભત્રીજા ગઈકાલે બપોરના અરસામાં ગાંધીનગર ઈન્દિરા બ્રિજ માર્ગ ઉપર આવેલા ભાટ ગામ પાસે સાબરમતી નદીમાં ન્હાવા ગયા હતા. ૧૫ વર્ષના ભત્રીજા સાથે કાકા પણ નદીના પાણીમાં અચાનક ગરકાવ થઈ જતા ડૂબી ગયા હતા અને બંનેના ઘટનાસ્થળે જ ડૂબી જતાં મૃત્યુ નીપજ્યા હતા. મોડી સાંજે બંનેના મૃતદેહ બહાર નીકળી ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને બંને મૃતદેહ પીએમ કરાવી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે બપોરના અરસામાં અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૧૫ વર્ષીય ભત્રીજા તુષાર શકરાભાઈ દંતાણી અને ૩૭ વર્ષીય કાકા પુનમભાઈ લક્ષ્મણભાઈ દંતાણી બંને ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામ પાસે સાબરમતી નદીમાં ન્હાવા આવ્યા હતા. બપોરે ચારેક વાગ્યાના અરસામાં કાકા ભત્રીજા બંને નદીમાં ન્હાઈ રહ્યા હતા ત્યારે અચાનક બંને નદીના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ગણતરીની મિનિટમાં બચાવો-બચાવોની બૂમો પણ બંધ થઈ ગઈ હતી. કાકા ભત્રીજા બંને નદીમાં ગરકાવ થઈ ગયા હોવાની જાણ પોલીસને થતા ઈન્ફોસિટી પોલીસ મથકના પી.એસ.આઈ એમ.આર.પટેલ તેમની ટીમ સાથે સ્થળ પર દોડી ગયા હતા. નદીમાં ડૂબી ગયેલા બન્ને કાકા-ભત્રીજાના મૃતદેહ બહાર કઢાવી પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેમના પરિવારજનોને જાણ કરી હતી. મૃતક કિશોર તુષાર દંતાણીના પિતા શકરાભાઈ દંતાણીની ફરિયાદને આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ આરંભી છે. તો બીજી તરફ કાકા-ભત્રીજા બંનેના મૃત્યુના સમાચારથી આ દંતાણી સમાજમાં ભારે શોકની લાગણી પ્રવર્તી છે.

ગાંધીનગર શહેરમાં દબાણ વિભાગની ટીમે સપાટો બોલાવ્યો છે. શહેરમાંથી લારી-ગલ્લા સહિત ઝુંપડાના દબાણો દુર કરી દીધા છે. વેપારીઓમાં ફફળાટ ફેલાયો છે. ત્યારે ગુડા દ્વારા ન્યું ગાંધીનગરના વિસ્તારમાં પણ દબાણનો હથોડો ઝીંકાયો છે. ગુડાએ બે દિવસમાં મોટાભાગના દબાણો દુર કરતા વેપારીઓમાં ભય ફેલાયો છે. ત્યારે શહેર અને ગુડા વિસ્તારમાં હજુ પણ કેટલાક વિવાદિત દબાણો યથાવત ઉભા છે. ત્યારે ન્યું ગુડા વિસ્તારમાં શાહપુર સર્કલથી રિલાયન્સ સર્કલ સુધીના સર્વિસ રોડ અને મુખ્યમાર્ગની વચ્ચેનું વર્ષોથી અડીખમ ઉભુ થયેલુ દબાણ કયારે દુર થશે અને કયું તંત્ર દુર કરશે તેની વેપારીઓ અને સ્થાનિકો રાહ જોઈ રહ્યા છે.

શહેરમાંથી તંત્ર હવે 'ઓન વ્હીલ' દબાણ દુર કરશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરને દબાણે અજગરી ભરડો લીધો હતો. શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો લારી-ગલ્લાના અડીંગા દેખાતા હતા. તો બીજીતરફ રહેણાંક વિસ્તારમાં કાચા-પાકા મકાનો તેમજ ઝુંપડાના દબાણો દ્રશ્યમાન થઈ રહ્યા હતા. શહેરના મુખ્ય પ્રશ્નોમાં દબાણનો મુદ્દો પેચીદો હતો. પરંતુ તાજેતરમાં દબાણની ટીમે સપાટો બોલાવતા લારી-ગલ્લા તેમજ કાચા-પાકા ઝુંપડા સહિતના દબાણનો સફાયો કરી દેવામાં આવ્યો છે. શહેરમાંથી તંત્રએ ૩૦૦ થી વધુ લારી-ગલ્લા જપ્ત કરતા હાલની સ્થિતિએ શહેરના માર્ગો પર લારી-ગલ્લા દેખાતા બંધ થઈ ગયા છે. ત્યારે હવે શહેરમાં ઓન વ્હીલ દબાણનો વારો છે. મારુતિ વાન, રીક્ષા કે ટેમ્પોમાં દબાણ કરીને બેસીને વેપાર ધંધો કરતા અને દબાણની ટીમ આવતા વાહન શરુ કરીને પલાયન થઈ જતા દબાણકારો તંત્રની નજરમાં આવી ગયા છે. ત્યારે પાટનગર યોજના વિભાગ, પોલીસ, કોર્પોરેશન, કલેકટર, વનવિભાગની સાથે આરટીઓની ટીમ પણ દબાણ હટાવ ઝુંબેશમાં સાથે રહેશે અને ઓન વ્હીલ દબાણ આરટીઓની ટીમ દુર કરશે. ત્યારે લારી ગલ્લા ઝપ્ત થતા વાહનોમાં પોતાનો વેપાર ધંધો કરતા વેપારીઓ પર ગમે ત્યારે આરટીઓની ટીમ ત્રાટકશે અને વાહન પણ ઝપ્ત કરી દંડનીય કાર્યવાહી કરશે.

ગાંધીનગર મહેસૂલી ચિંતન શિબિર સંપન્ન

જિલ્લાના બદલીપાત્ર અને નવા નિમાયેલા અધિકારીઓનું સન્માન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના મહેસુલી અધિકારી-કર્મચારીઓની યોજાયેલ ચિંતન શિબિરના પૂણાહુતિ પ્રસંગે જિલ્લા કલેકટર એસ.કે. રાવ સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયેલ જિલ્લાના બદલીપાત્ર અને નવા નિમાયેલા અધિકારીઓ સર્વ પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ, મયુર ચાવડા, વિજયભાઈ પટેલ ગાંધીનગર જિલ્લામાં તમામ વિભાગના અધિકારીઓએ પારિવારિક ભાવનાથી સારી કામગીરી બજાવી છે. પરસ્પર એકબીજાના સહકારથી પ્રસંશનીય

લાંગા એ આઠ ગ્રુપમાં યોજાયેલ જૂથ ચર્ચા અને પ્રેઝેન્ટેશન પૈકી ઈ-ગર્વનન્સ થકી અને મિત્રતાભર્યું વાતાવરણ તથા મેજીસ્ટ્રીયલ બાબતોમાં અસરકારકતા વધારવી અને આરટીએસ અમલમાંના પ્રેઝેન્ટેશનોમાં મૌલિકતા વધુ સારી અને અસરકારક પ્રેઝેન્ટેશન રજૂ કર્યા હતા. કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, આજની ચિંતન શિબીરમાં ચિંતનાત્મક વિચારો દ્વારા પ્રજકીય કાર્યો કરવા જણાવ્યું હતું. રેવન્યુ તલાટી સહિત તમામ મહેસુલી કર્મીઓ સમય પ્રમાણે અપડેટ બની હકારાત્મક અભિગમ દાખવી કાર્યો કરવા જણાવ્યું હતું.

પર્સનલ ડેવલપેમન્ટ ફોર, પ્રોફેશનલ એક્સલન્સ વિષય ઉપર તજજ્ઞ વક્તા મૌલિક સોનીએ અસરકારક પ્રવચન આપ્યું હતું.

જિલ્લાના મુખ્ય ન્યાયાધીશન સહિત નિવૃત્ત મામલતદાર કે.કે. ઝાલા, એચ.કે. સોલંકી અને બદલી થયેલા મામલતદાર એ.કે. જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાવ, ગાંધીનગર રેન્જ આઈ. જી મયંકસિંહ ચાવડા, જિલ્લા કલેકટર એસ.કે. લાંગા, આઈ.પી.એસ વિરેન્દ્રસિંહ યાદવે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, કામગીરીની આવકારી હતી.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા, મ્યુનિસિપલ કમિશનર એસ.એમ. અમરાણી, ગુડાના સી.ઈ.ઓ બ્રહ્મભટ્ટ, ઔડાના સી.ઈ.ઓ અતુલ ગૌર, નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા ઉપસ્થિત રહ્યાં હતાં. આભારવિધી ગાંધીનગર પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈએ કરી હતી.

ગાંધીનગરનો જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ-૨૦૧૮ સંપન્ન

રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા ચાલુ વર્ષે પણ રાજ્યકક્ષાના કલામહાકુંભ-૨૦૧૮નું આયોજન કરવામાં આવનાર છે. જે માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા ચાલુ વર્ષે પણ કલામહાકુંભ-૨૦૧૮નું આયોજન ગાંધીનગર મહાનગરપાલિકામાં જિલ્લાકક્ષાએ સ્વામીનારાયણ, ધોળેશ્વર ખાતે કરાયુ હતુ. જેમાં સ્કૂલ બેન્ડ, ઓરગન, હાર્મોનિયમ, તબલા, ગિટાર જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. તેમજ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, સે. ૨૩ ખાતે રાસ, ગરબા અને લોકનૃત્યની સ્પર્ધાઓ યોજાઈ હતી અને તા. ૬-૮-૨૦૧૮ના રોજ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ભરતનાટ્યમ, કથ્થક, સમુહ ગીત, લગ્નગીત જેવી સ્પર્ધાઓ યોજાનાર છે.

સુજાના મુવાડા ગામે નદીમાં ડુબતાં યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સુજાના મુવાડા ગામનો એક યુવાન નદીમાં ડુબી જતાં મોતને ભેટ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સુજાના મુવાડા ગામનો યુવાન ભાવેશ ચેહરસિંહ ઠાકોર ધો. ૧૦માં અભ્યાસ કરે છે તે આજે ઢોરોને પાણી પીવડાવવા માટે લઈ ગયો હતો ત્યારે મેશ્વો નદીના ખાડામાં તેનો પગ લપસતાં તે ડુબી ગયો હતો. યુવાન ડુબી ગયાની વાત વાયુવેગે પ્રસરી જવા પામી હતી. તંત્રએ તાત્કાલિક બહિયલથી તરવૈયાઓને બોલાવી અને મૃતદેહને બહાર કાઢ્યો હતો. સ્વર્ગીય ભાવેશ ઠાકોરનું પોષ્ટમોર્ટમ સાંજે દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું. યુવાનના થયેલા મોતના સમાચારને પગલે સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર તાલુકાના ગામોમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગુજરાતભરમાં ૬૯મા વન મહોત્સવની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકા ખાતે સેનાના પ્રમુખ ગોવિંદજી ઠાકોરના અધ્યક્ષસ્થાને ગાંધીનગર તાલુકાના ગામો જેવા કે ડભોડા, મોટા ચિલોડા, દોલારાણા વાસણા, ચેખલા રાણી, બોરીયા, શિહોલી મોટી, પ્રાંતિયા, રાયપુર, ગલુદણ, મહુન્દ્રા, સોનારડા, શાહપુર, ઈન્દ્રોડા, મોટી આદરજ, પુન્દ્રાસણ, ટીંટોડા, વગેરે ગામોમાં ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો દ્વારા વિવિધ રોપા રોપી વૃક્ષારોપણ કરી વૃક્ષોનું મહત્વ અને પર્યાવરણ અંગે સંદેશો પહોંચાડ્યો હતો.

વિશ્વ ધર્મ સંસદમાં ભાગ લેવા જઈ રહેલા રાજયોગિની ઉષાદીદીનું અભિવાદન

ગાંધીનગર, તા.૫

સ્વામી વિવેકાનંદના ૧૨૫ વર્ષ નિમિત્તે શિકાગો, અમેરિકા ખાતે આયોજિત વર્લ્ડ રીલીજીયન કોન્ફરન્સમાં વિશ્વના ૧૪૭ દેશોમાં ૮,૫૦૦ જેટલા સેવાકેન્દ્રો સાથે કાર્યરત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના પ્રતિનિધી તરીકે જઈ રહેલ બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રિય વક્તા રાજયોગિની ઉષાદીદીજી ખાસ ગાંધીનગર પધાર્યા હતા. બ્રહ્માકુમારીઝ સેકટર-૨૮ ખાતે આયોજિત વધાઈ સહ વિદાયી કાર્યક્રમમાં જોગાનુજોગ ઉષાદીદીનો જન્મ દિવસ પણ હોઈ તેમને આદરણીય કૈલાશદીદીએ નિયમિત આવતાં બ્રહ્માકુમાર ભાઈ

ગાંધીનગરના કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા ધાંધલ, કેપિટલ ઓફસેટના માલિક ભ્રાતા રમેશભાઈ પટેલ તથા અગ્રગણ્ય મહાનુભાવો, બ્રહ્માકુમારી બહેનો, સેવાકેન્દ્ર પર બહેનોની ઉપસ્થિતિમાં પુષ્પગુચ્છ અર્પણ કરી શબ્દોથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. શિવબાબાના આશીર્વાદની વર્ષા કરાઈ હતી.

પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ શાળામાં ફૂલછોડનું વાવેતર

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે સ્મૃતિ વિકાસ શાળા ખાતે ચિલોડા હોમગાર્ડ સબ યુનિટના જવાનો દ્વારા ફૂલછોડ રોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હોમગાર્ડ સબયુનિટના ઈન્ચાર્જ ઓફિસર એન.જે. સોલંકી, સંસ્થાના કન્વીનર વશરામભાઈ સહિત બાળકો તેમજ જવાનોએ હજારીગલ-૨૦, જાસુદ-૧૦, કરણ-૪, સોપીસ-૧, મોગરો-૨, પારીજાજ-૩ તેમજ તુલસી જેવા છોડ રોપવામાં આવ્યા હતા.

હમ તો ચલે પરદેશ : ગુજરાતના ઓફિસરોની વાયબ્રન્ટ ટૂરને આખરી ઓપ અપાઈ રહ્યો છે

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વહીવટી તંત્રમાં ફેરફારો કર્યા પછી તેમની સરકાર વાયબ્રાન્સી મોડ પર આવી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેમાં મુખ્ય મહેમાન બનીને આવવાના છે તેવા વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં ગુજરાત સરકારની જેમ ભારત સરકાર પણ સહભાગી છે. કેન્દ્રના ઉદ્યોગ સાથે જોડાયેલા ૨૦થી વધુ ડિપાર્ટમેન્ટ ગુજરાતની આ સમિટમાં સહભાગી બન્યાં છે. હવે ગુજરાતના આઈએએસ ઓફિસરોની વિદેશ યાત્રાઓ શરૂ થાય છે. સચિવાલયના સૂત્રો કહે છે કે સપ્ટેમ્બર-ઓક્ટોબર માસમાં વાયબ્રન્ટ ફોરન ટુર થવાની છે જેમાં સરકારના મહત્વના વિભાગો કે જેઓને વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં પરફોર્મન્સ આપવાનું છે તેઓને બિઝનેસ સમિટ અને રોડ શો માટે પહેલાં વિદેશ અને પછી ભારત યાત્રાએ મોકલવાના છે. સરકારના ઉદ્યોગ વિભાગે એક જીઆર બહાર પાડ્યો છે જેમાં વિદેશ યાત્રા માટે એડવાઈઝરી કમિટી બનાવવામાં આવી છે, આ કમિટીના ચીફ મુખ્યમંત્રી વિજય રૂપાણી છે જ્યારે અન્ય સભ્યોમાં ચીફ સેક્રેટરી, અન્ય ઓફિસરો તેમજ કોર્પોરેટ જગતના બિઝનેસ લિડર્સ છે. આ કમિટીનો રિપોર્ટ સબમીટ થયા પછી આવતા મહિને વિદેશ પ્રવાસનું ટાઈમટેબલ જાહેર કરાશે. વિશ્વના ૧૨૫થી વધુ દેશોને વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવાના આમંત્રણ તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી મહત્વના ૨૫ દેશોમાં રાજ્યના બે ડઝન જેટલા ઓફિસરો પ્રવાસ કરશે. ઉદ્યોગ વિભાગના સૂત્રો કહે છે કે ૨૦૧૭માં ૧૨ દેશો કન્ટ્રી પાર્ટનર હતા પરંતુ ૨૦૧૯માં ૧૫ દેશોને કન્ટ્રી પાર્ટનર બનાવવામાં આવશે.

બિઝનેસની ગાડી સ્ટાર્ટ કરવી છે પણ પહેલાં થોડું ફ્યુઅલ તો સરકારે નાંખવું પડે

ચૂંટણી આવતાં કેન્દ્રનો ફરી આદેશ આવી ગયો...

લોકસભાની ચૂંટણી આવતાં કેન્દ્ર સરકારનો ફરી એકવાર આદેશ આવી ગયો છે કે ગુજરાત સરકારે દર મહિને બે થી ત્રણ પ્રજાલક્ષી જાહેરાતો કરવાની રહેશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બદલીઓ અને બઢતીની કાર્યવાહી પૂર્ણ કરી છે અને હવે તેમણે પ્રજાલક્ષી નિર્ણયોની દિશા પકડી છે. કેન્દ્રની યોજનાઓ કે જે ગુજરાતમાં અસર કરતી હોય તેને જનતા સમક્ષ લઈ જવાની જવાબદારી સરકાર ઉપરાંત પાર્ટીના સંગઠનની છે. કેન્દ્રીય મોવડી મંડળે સરકાર, સંગઠન ઉપરાંત સંસદસભ્યો તેમજ ધારાસભ્યોને એવો આદેશ કર્યો છે કે તેમણે કેન્દ્ર અને રાજ્યની સેક્ટર અને વિભાગ પ્રમાણેની સિદ્ધિઓ લોકો સુધી લઈ જવાની છે. માધ્યમ ચાહે કોઈપણ હોય, સરકારની સિદ્ધિઓને લોગો સુધી પહોંચાડીને વોટબેન્ક મજબૂત કરવાની છે. કેન્દ્ર સરકારે ગુજરાતના ક્યા ક્યા પડતર પ્રશ્નોનો નિકાલ કર્યો છે તેની વિભાગવાર યાદી બનાવવાની સૂચના સચિવાલયના વિભાગોને આપવામાં આવી છે, કારણ કે લોકસભાની ચૂંટણીમાં આ મુદ્દો વધુ અસરકર્તા હોય છે. ગુજરાત ભાજપ અને સરકારને સોશ્યલ ફ્રેન્ડલી બનવાની પણ સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં ટ્રાફિકનો ઉકેલ માત્ર લેન સિસ્ટમ છે...

ગુજરાત સરકારના આદેશ પછી સ્થાનિક સંસ્થા સાથે પોલીસે રાજ્યભરમાં ટ્રાફિક અને પાર્કિંગના મુદ્દે ડ્રાઈવ શરૂ કરી છે ત્યારે આ ડ્રાઈવ એક સપ્તાહ પછી થંભી ન જાય તે જોવું પડશે. એક અધિકારીએ કહ્યું હતું કે ×સરકારે અમદાવાદ અને સુરત જેવા શહેરો માટે મુંબઈની જેમ લેન ડ્રાઈવ ફરજીયાત બનાવવું જોઈએ કે જેથી ઓવરટ્રેકથી થતાં અકસ્માતો અટકાવી શકાય. કોઈ વાહનચાલક લેન તોડે તો તેનું લાયસન્સ જપ્ત કરી આકરો દંડ ફટકારવામાં આવશે તો ગુજરાતના વાહનચાલકો જાગૃત બનશે. આપણે ગુજરાતીઓ ચમત્કાર ત્યાં નમસ્કાર કરતા હોય છે. લાઈટ બીલ ન ભરીએ તો કનેક્શન કપાઈ જાય છે. ફોન કે ગેસ બીલ ન ભર્યું તો જોડાણ કટ થાય છે. મોબાઈલ બીલ ન ભરીએ તો તે મૂંગા બની જાય છે. ટ્રાફિક અને પાર્કિંગના નિયમન માટે પણ આવો આકરો દંડ ફટકારવામાં આવશે તો જ અદાલતના આદેશ પ્રમાણેના શહેરો હળવાં બની શકશે.×- વાત તો સાચી છે. મુંબઈમાં વાહન લઈને જઈએ ત્યારે આપણને આવો અનુભવ થાય છે પરંતુ અમદાવાદમાં પાછા આવીએ એટલે હતા તેવા 'ને તેવા જ રહીએ છીએ...

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગાડી સ્ટાર્ટ થાય છે પણ દોડી શકતી નથી...

સ્ટાર્ટઅપ મિશનમાં ગુજરાતમાં હજી ગાડી શરૂ થઈ શકતી નથી. અનુભવે જણાયું છે કે ભારત કે રાજ્યમાં શરૂ થયેલું સ્ટાર્ટઅપ થોડાં સમય પછી બંધ થઈ જાય છે. એટલે કે નાના ઉદ્યોગનું બાળમરણ થાય છે. નિષ્ણાંતો જણાવે છે કે આપણા યુવાનો સ્ટાર્ટઅપ બિઝનેસ શરૂ તો કરે છે પરંતુ પુરતું બજાર નહીં મળતું હોવાથી તે ફેઈલ જાય છે. આ સંજોગોમાં આઈ-ક્રિયેટ કામ લાગે છે. ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ મિશનનો રિવ્યુ કરવાનું વિચારી રહી છે અને તેમાં જે પ્રોજેક્ટ નિષ્ફળ જાય તેવો છે તેમાં વધુ રોકાણની તક પૂરી પાડવા માગે છે, જે નિરાશ થયેલા યુવાનો માટે સુખદ સમાચાર છે. સરકારે જે સ્કીમ વિચારી છે તેમાં નબળાં એકમને સરકારની આર્થિક ઉપરાંત તાલીમી સહાય પણ આપવામાં આવશે. જો ખરેખર તેમ થશે તો ભારત સરકાર અને મોદીનું સ્ટાર્ટઅપ મિશન ગુજરાતમાં નંબરવન સ્થાને રહેશે. એક સ્ટડી પ્રમાણે ભારતમાં શરૂ ૧૦ થતાં સ્ટાર્ટઅપ પૈકી ૭ બાળમૃત્યુ પામે છે. વાયબ્રન્ટ સમિટની મુખ્ય થીમ ૨૦૧૭માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- જીએસટી હી પરંતુ આ વખતે ભારત સરકારનું સ્ટાર્ટઅપ મિશન છે તેથી સ્ટાર્ટઅપ માટે સરકારે રિવ્યુ બેઠકનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગરના ગુડાનો વિકાસ જોવા જેવો છે...

કોઈપણ શહેરનો વિકાસ કરવો હોય તો પહેલાં તેને ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવું પડે, ત્યારબાદ ઈમારતો બનાવવાની પરમિશન આપવી પડે છે પરંતુ ગુજરાતનું નમૂનેદાર શહેર ગાંધીનગરમાં સ્થાપિત થયેલું ગુડા- એટલે કે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ- નિયમો અને કાયદા-કાનૂન ભૂલ્યું છે. બિનખેતીની જમીનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિના ડેવલપમેન્ટ શરૂ થઈ જાય છે, પરિણામ એ આવ્યું છે કે આ ઈમારતોમાં વોટર હાર્વેસ્ટીંગ નથી. ચોખ્ખા પીવાના પાણીની સુવિધા નથી. સ્ટ્રીટ લાઈટ નથી. ૨૪ કલાક જ્યોતિગ્રામની વીજળી નથી. નિયમિત પાર્કિંગની સુવિધા નથી. ટ્રાફિક નિયમનનો અભાવ છે. નિયમ વિરૂદ્ધના અસંખ્ય સ્પીડબ્રેકરો સાથેના તૂટેલા માર્ગો છે. ગટરલાઈનના ઠેકાંણા નથી. ગાર્ડન કે હોસ્પિટલ નથી. સરકારી કોઈ ફેસેલિટી નથી. શાકમાર્કેટ નથી. ગુજરાતના ચીફ મિનિસ્ટર રાજપથ છોડીને ગુડા વિસ્તારની મુલાકાત લે તો ખબર પડે કે ગુજરાત કેવું ગતિશીલ છે. ગુજરાતનું પહેલું એવું નમૂનેદાર સત્તાતંત્ર છે કે જ્યાં ૭૫૦૦૦થી વધુ લોકો વસે છે. નવી મુંબઈનું ડેવલપમેન્ટ જોઈએ તો ખબર પડે કે ત્યાં ઈમારતોની પરમિશન પહેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવે છે. નિયમસર બાંધકામો માટે ગિફ્ટ સિટી એક મિસાલ છે પરંતુ ન્યૂ ગાંધીનગરને તે લાગુ પડતું નથી.

વન નેશન-વન ઇલેક્શન, ગુજરાત સાક્ષી છે...

ભારતમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે થાય તેવો મત વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધરાવે છે. તેમણે ભારતના ચૂંટણી પંચને આવું સૂચન કર્યા બાદ પંચે તૈયારી બતાવી છે પરંતુ દેશની પાર્ટીઓને તે મંજૂર નથી. હકીકતમાં વન નેશન-વન ઈલેકશન એ કોંગ્રેસના સમયની દેન છે. ગુજરાત સાક્ષી છે. યાદ રહે કે- ગુજરાતની પહેલી વિધાનસભા ચૂંટણી સાથે લોકસભાની ચૂંટણી પણ લડાઈ હતી. ૧૯૬૨માં બન્નેનું ઈલેક્શન સાથે થયું હતું. ૧૯મી ફેબ્રુઆરીએ ગુજરાતની ચૂંટણી યોજાઈ હતી જ્યારે લોકસભાની ચૂંટણી ૧૯ થી ૨૫ તારીખે થઈ હતી. કેન્દ્રમાં ૪૯૪ બેઠકો પૈકી ૩૬૧ બેઠકો સાથે કોંગ્રેસની સરકાર બની હતી. એ સમયે કેન્દ્રના નેતાઓ જ્યારે ચૂંટણી પ્રચારમાં ગુજરાત આવતા હતા ત્યારે તેઓ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીનો સાથે પ્રચાર કરતા હતા.એ સમયે વિધાનસભાની ૧૫૪ અને લોકસભાની ૨૨ બેઠકો હતી. માત્ર ૫૦ ટકા મતદાન થયું હતું અને ચૂંટણીનો એક મુદ્દો અંગ્રેજી ભાષાનો હતો. અત્યારે જે ગાલીગલોચ થાય છે તેવું તેમાં ન હતું. એ સમયે કોંગ્રેસ અંગ્રેજી ભાષાના વિરોધમાં હતી તેવી છાપ હતી કે જેથી બાળકોના વાલીઓને ચિંતા હતી. ઉમેદવારે ખુલાસા કરવા કરવા પડતા હતા કે કોંગ્રેસ પાંચમા ધોરણ થી નહીં આઠમા ધોરણથી અંગ્રેજીની હિમાયતી છે. એ સમયે ૨૫ લોકો ભેગા થતા હતા ત્યારે સભા થતી હતી. આનું નામ શાલિનતા કહેવાય છે.

વન નેશન-વન ઇલેક્શન - કોંગ્રેસની દેન છે, જાણો ગુજરાતની ચૂંટણીનો ભૂતકાળ

નંબર-૨૬-- શુકન જોઇતા હોય તો અહીં જાવ...

ગાંધીનગરમાં એક બંગલો છે જે નસીબદાર છે. આ બંગલો એ ફાયનાન્સ મિનિસ્ટરનું સત્તાવાર નિવાસસ્થાન હતું, જેમને સરકારમાં નંબર-ટુનું સ્થાન અપાય છે. આ બંગલાએ ચાર મુખ્યમંત્રી આપ્યા છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતમાં શાસન કરતા હતા ત્યારે તેમને આ હકીકત સમજાતાં એ બંગલાને તેમણે તેમનું સત્તાવાર નિવાસસ્થાન બનાવી દેતાં તેમના કાર્યકાળમાં તેમજ આજદિન સુધી બીજા કોઈ મુખ્યમંત્રી આ બંગલામાંથી થયા નથી. મંત્રીમંડળ નિવાસસ્થાન વિસ્તારમાં આવેલા ૨૬ નંબરના બંગલાનો રાજકીય ઈતિહાસ છે. આ બંગલામાં જે ફાયનાન્સ મિનિસ્ટર વસવાટ કરે છે તે ચીફ મિનિસ્ટર બને છે. આમ તો મુખ્યમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન બંગલા નંબર-૧માં હોય છે. એક નંબરના બંગલામાં માધવસિંહ સોલંકી રહેતા હતા અને તેમણે ૨૬ નંબરનો બંગલો અમરસિંહ ચૌધરીને ફાળવ્યો હતો. અમરસિંહ મુખ્યમંત્રી થયા. ચીમનભાઈ પટેલ એક નંબરના બંગલામાં રહેતા હતા અને ૨૬ નંબર છબીલદાસ મહેતાના ફાળે આવ્યો હતો. છબીલદાસ મહેતા મુખ્યમંત્રી થયા હતા. કેશુભાઈના શાસનમાં ૨૬ નંબરમાં સુરેશ મહેતા રહેતા હતા. સુરેશ મહેતા મુખમંત્રી બન્યા હતા. શંકરસિંહ વાઘેલાની રાજપા સરકારમાં દિલિપ પરીખ આ બંગલામાં હતા. દિલીપ પરીખ મુખ્યમંત્રી થયા હતા. ૨૦૦૧ પછી જ્યારથી મોદી આવ્યા હતા ત્યારથી તેમણે ૨૬ નંબરના બંગલાને મુખ્યમંત્રીનું સત્તાવાર નિવાસસ્થાન બનાવી દીધું હતું અને એક નંબરના બંગલાને કચેરીમાં ફેરવી નાંખ્યો હતો. આ પછી આનંદીબહેન અને વિજય રૂપાણીએ પણ આ બંગલો છોડ્યો નથી. આ બન્ને સરકારમાં ફાયનાન્સ મિનિસ્ટર તરીકે સૌરભ પટેલ અને નિતીન પટેલ રહ્યાં છે. તેમના માટે હાર્ડલક છે, કે ૨૬ નંબરના બંગલામાં તેમને રહેવાનું મળ્યું નથી.

૨૬ નંબર હવે ક્યારેય CM નહીં આપે, કેમ કે તે CMનું સત્તાવાર નિવાસ બન્યું છે

રામનો વનવાસ ૧૪ વર્ષ, કોંગ્રેસનો ડબલ થયો...

વો ભી ક્યા દિન થે હમે દિલ મેં બિઠાયા થા કભી...કોંગ્રેસ માટે આ સોંગ એક શમણું બનીને રહી ગયું છે. ગુજરાતમાં કોંગ્રેસ ૧૯૯૦થી સત્તામાં નથી. ભગવાન રામને ૧૪ વર્ષનો વનવાસ હતો પરંતુ કોંગ્રેસનો વનવાસ ૨૮ વર્ષ થયો છે. કોંગ્રેસે રામ કરતાં ડબલ સમય વનવાસમાં વિતાવ્યો છે. એક પાર્ટી નામે ભારતીય જનતા પાર્ટી કે જેણે ૧૯૮૦માં ગુજરાતમાં મૂળિયા રોપ્યાં હતા અને માત્ર ૧૫ વર્ષમાં આ પાર્ટીએ કરિશ્મા કર્યો અને ગુજરાતની જનતા પર રાજ કરે છે. વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું બેસ્ટ પ્રદર્શન ૧૯૮૫માં રહ્યું હતું. માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસને ૧૪૯ બેઠકો મળી હતી. આ સમયે જનતાપાર્ટીને ૧૪ અને ભાજપને ફાળે ૧૧ બેઠકો આવી હતી. ભાજપનો ગુજરાતમાં ઉદય આમ તો ૧૯૮૦માં થયો હતો અને તે ગાળામાં પહેલીવાર ભાજપે ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું જેમાં ૯ બેઠકો મેળવી હતી. આજે ૯ થી ૯૯ છે. કોંગ્રેસની પડતી ૧૯૯૦માં શરૂ થઈ હતી અને ચીમનભાઈ પટેલ તેમજ ભાજપની સામે કોંગ્રેસને માત્ર ૩૩ બેઠકો મળી હતી. ૧૯૯૫માં કોંગ્રેસનો પાવર ૪૫ બેઠકો પુરતો મર્યાદિત બન્યો હતો. કોંગ્રેસની બેઠકો ક્રમશઃ વધતી ગઈ છે પરંતુ પાવર મળ્યો નથી.